ફોજદારી કેસ નં. –૨૯૫/૨૪

આંક –૧ લગત હુકમ

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ચાર્જશીટમા જણાવેલ તારીખે અને સમયે પોતાના કબજા હવાલા વાળુ વાહન કેફી પીણું પીધેલી હાલતમાં સર્પકારે ચલાવી નીકળતાં તથા ડ્રાઈવીંગ લાઈસન્સ નહી રાખતાં,મોટર વ્હીલક એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહી એકટની કલમ–૬૬ (૧)(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુન્હાનો આરોપ છે. સદર ગુન્હાની ફરીયાદ, ફરીયાદીએ પોલીસ સ્ટેશનમા નોંધાવતા પોલીસ જરૂરી તપાસ કરી,તપાસ અધિકારીએ આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામનાં આરોપી નામ. કોર્ટ સમક્ષ હાજર થતા તેઓને પોલીસ તપાસનાં કાગળો વિના મૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી ગુન્હાની સ્વૈચ્છાએ કબુલાત કરતા હોય,કબુલાત પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ પ્લી રેકોર્ડ કરતા તેમાં પણ તેણે ગુન્હાનો ઈકરાર કરેલ છે. આરોપીને કબુલ કરે તો સજા અંગે તથા તેઓ ગુનાની કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપેલ છે અને ત્યારબાદ કબુલાતનુ વેરીફીકેશન લીધેલ છે. આરોપી તેમની કબુલાતને વળગી રહેલ છે.આરોપીની કબુલાત કાયદેસરની અને સ્વેચ્છાપૂવકની હોવાની ખાતરી થતાં રેકર્ડ કરવામાં આવેલ છે.આરોપી ગુન્હા કબુલાત પુરસીસમાં તેમજ મૌખિક રજુઆત કરતા જણાવે છે કે, તેઓ ગરીબ, કુટુંબ –કબીલાવાળા અને જવાબદારી વાળા માણસ છે, તેનો પ્રથમ ગુન્હો છે, ગુન્હાહીત ઈતિહાસ ધરાવતાનથી, અને ફરી ગુન્હા નહી કરે તેની ખાત્રી આપે છે, જેથી ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૩) આરોપીની ઉપરોકત રજુઆત અને ગુન્હાનું સ્વરૂપ ધ્યાને લેતા તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ. નટવરચંદ હરખચંદ ઠાકોર ના કેસમાં ૨૦૦૫ જી.એલ .આર. પાના નં. ૭૦૯ થી પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ને લક્ષમાં રાખતાં તથા આરોપીને પુછપરછ કરતાં, પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરે છે અને ભવિષ્યમાં ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો એકી સાથે લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુક મ ::–**

આ કામના આરોપી રાયબ રમજાન ભટી રહે.હળવદ વાળા ને બી.એન.એસ.એસ ની કલમ ૨૭૫ અન્વયે મોટર વ્હીલક એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧) (બી) મુજબ શિક્ષાપાત્ર ગુન્હા માટે દોષિત ઠરાવી, સદરહુ ગુન્હા માટે સંયુકત રીતે રૂા.૧,૧૦૦/– (અંકે રૂપિયા એક હજાર એકસો પુરા) દંડ કરવામાં આવે છે, અને જો દંડ ન ભરે તો તેને દિવસ પાંચ (૫) ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

આ કામે મુદામાલ અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો તેને કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ અંગે કોઈ હુકમ થયેલ ન હોય તો કાયદાનુસારની ઈન્કવાયરી કરવી.માલીકીની ખરાઈ કરી માલીકને મુદામાલ વાહન પરત કરવુ.

હુકમ આજ રોજ તા. ૧૧/૦૭/૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**( મોહિતકુમાર કીર્તિકુમાર શાહ )**
એડીશ્નલ સીનીયર સિવીલ જજ અને
એડીશ્નલ ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ, હળવદ.

U.I. CODE- GJ01208